# ઓનલાઈન સોસાયટી સીવીક ફેસીલીટી



# સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધાઓ

## માર્ગદર્શન પુસ્તિકા
## (સોસાયટી માટે)


**આર.એમ.ગામીત**
આસી. કમિશ્નર,
પૂર્વ (વરાછા) ઝોન,
સુરત મહાનગરપાલિકા



<u>તૈયાર કરનાર</u>


**પૂર્વ (વરાછા) ઝોન**
સૈફી સોસાયટીની બાજુમાં, લંબે હનુમાન રોડ, સુરત.
સુરત મહાનગરપાલિકા
<u>સંપર્ક</u>
ફોન : ૨૫૪૭૭૫૦, ૨૫૪૮૩૭૫, ૩૦૭૨૩૪૫, (એક્ષ.૨૦૯) (મો.૯૭૨૪૩ ૪૫૫૧૧)



## સુરત મહાનગરપાલિકા

## Society Civic Facility basic information

–સૌ પ્રથમ નીચે ચિત્રમાં (૧) થી દર્શાવ્યા મુજબ વેબ પેઈજ પર www.suratmunicipal.org થી સુરત મહાનગરપાલિકાની સાઈટ ખોલવી.




–www.suratmunicipal.org પર Virtual Civic Center (Online Services) (નીચે (૨) થી દર્શાવ્યા મુજબ) ના Read more પર ક્લીક કરવું.




–Virtual Civic Center (Online Services) માં New Society Registration (નીચેના ચિત્રમાં (૧) થી દર્શાવ્યા મુજબ) પર ક્લીક કરવું.




–New Society Registration પર ક્લીક કર્યેથી નીચે દર્શાવ્યા મુજબનું પેઈજ ખુલશે આ જગ્યાએ પ્રથમ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે જે નીચેના ચિત્રમાં (૨) થી દર્શાવ્યા મુજબના New Society Registration પર ક્લીક કરવું.



–New Society Registration પર ક્લીક કર્યેથી નીચે દર્શાવ્યા મુજબનું પેઈજ ખુલશે. આ જગ્યાએ સોસાયટીનું પુરૂ નામ, ટી.પી./એફ.પી., સરનામુ, સોસાયટીનો પ્રકાર, સોસાયટીની નોંધણીની વિગતો ભરવાની રહેશે.


Surat Municipal Corporation - Society Registration

Society Name

Society Name

Society Location Details

Zone : --Select Zone--

Area / Village : --- Select Area ---

TP / Non TP / Gamtal : --- Select Type ---

TP Scheme / Moje / Gam : --- Select Scheme ---

FP No. | OP No. | RS No. | Block No.

CS No.

Society Address

Society Address

*Note: Famous building/Police station/Hospital/Mall /Multiplex/Road circle/Garden etc.

Landmark

Pincode

Society Type

Society Type: Select

Society Registration Information

Society Registration Type: Select

Society Registration No.: Registration No.

Society Registration Date : dd-MM-yyyy

No. of Sanctioned Units: Sanctioned Units

No. of Constructed Units: Constructed Units

User Personal Information

User Name

*Please provide valid mobile no. OTP will be sent for varification. This no. will be used for future SMS notification.


Mobile No.

*Please provide valid email address, varification email will be sent to it. This email address will be used for future correspondence.

Email

Submit | Cancel

–ઉપરોક્ત વિગતો ભર્યા બાદ અંતમાં આપેલ Submit પર ક્લીક કર્યેથી સોસાયટી તરફથી આપેલ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ પર OPT નંબર મળશે જેનો ઉપયોગ કર્યેથી સોસાયટીના ઓનલાઈન પેમેન્ટ અંગેનું ફોર્મ ખુલશે.



Enter OTP (One Time Password) :

846286


Save | Cancel

–હવે સોસાયટીએ ઓનલાઈન રૂ.૫૦૦/– રજીસ્ટ્રેશન ફી ચુકવવાની રહેશે. જે અંગે નીચે દર્શાવ્યા મુજબની ઓનલાઈન પેમેન્ટ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.અને ઓનલાઈન પેમેન્ટની રૂ.૫૦૦/–ની રસીદ મળશે. (આ પ્રક્રિયામાં કોઈ વિગત અધુરી હશે કે બેંકની વિગત ખોટી હશે અને પેમેન્ટ કર્યાની રસીદ ન મળે કે ટ્રાન્ઝકશન ફેઈલ થઈ શકે તો એક થી વધુ પ્રયાસો કરવાના રહેશે. જયાં સુધી પેમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થઈ રસીદ ન મળે ત્યાં સુધી કાર્યવાહી કરવાની રહેશે.)




–ઓનલાઈન પેમેન્ટ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મહાનગરપાલિકા તરફથી સોસાયટીની વીઝીટ અંગેની તારીખનો SMS મળશે. સોસાયટીની ખાત્રી મહાનગરપાલિકા તરફથી થયા બાદ ફરી SMS મળશે જેમાં રજીસ્ટર્ડ થયેલ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ પર Username તથા Password મળશે.



–હવે ફરી સોસાયટીએ www.suratmunicipal.org પર ફરી લોગીગ થવાનું રહેશે જયાં Virtual Civic Center (Online Services) માં હવે સોસાયટીને Username અને Password મળી ગયેલ હોવાથી Login for already Registered (નીચેના ચિત્રમાં (૧) થી દર્શાવ્યા મુજબ) પર કલીક કરવું.




– Login for already Registered પર કલીક કર્યેથી નીચે દર્શાવ્યા મુજબનું પેઈજ ખુલશે. હવે રજીસ્ટર્ડ થયેલ મોબાઈલ પર મળેલ Username તથા Password નો ઉપયોગ કરી Login પર કલીક કરવાનું રહેશે.


–જો કોઈ સંજોગોમાં સોસાયટીને આપેલUsername તથા Password મોબાઈલ માંથી ડીલીટ થઈ જાય કે ભૂલી જવાય તો નીચે ચિત્રમાં (૨) થી દર્શાવ્યા મુજબના Forgot Password પર કલીક કરવું. જેથી ફરી SMC થી Username તથા Passward રજીસ્ટર્ડ થયેલ મોબાઈલ ઉપર મળી જશે.




–હવે Username તથા Password નો ઉપયોગ કરી સોસાયટીની અન્ય વિગતો જેવી કે કયા ઝોનમાં આવે છે, સોસાયટીના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, ખજાનચી વગેરેના નામ તથા મોબાઈલ નંબર, સોસાયટીના વિવિધ યુનિટોની વિગત તથા તેના ટેનામેન્ટ નંબર વગેરે વિગતો ભરવાની રહેશે.(આ તમામ વિગતો અતિઆવશ્યક હોય તમામ વિગતો ભરવાની રહેશે.)

(3)

સોસાયટી દ્વારા સભ્યો અને અન્ય પ્રાથમિક માહિતીની ઓનલાઈન એન્ટ્રી



–હવે Amenities માં સોસાયટીમાં હયાત સુવિધાઓ (નીચે ચિત્ર (૧) થી દર્શાવેલ જગ્યાએ ક્લીક કરી વિગતો ભરવી) તથા/અથવા જે સુવિધા માટે માંગણી કરવા માંગો છો તે સુવિધાઓ માટે નીચે ચિત્ર (૨) થી દર્શાવ્યા મુજબના આઈકન પર ક્લીક કરવાનું રહેશે.





–હવે સોસાયટી તરફથી જે પ્રાથમિક સુવિધાની માંગણી કરવામાં આવી તે મહાનગરપાલિકાને ઓનલાઈન જોઈ શકાશે. મહાનગરપાલિકા તરફથી સોસાયટીએ ભરેલ ઓનલાઈન વિગતોની ચકાસણી કરશે / અધુરી વિગતો ફરી ભરવા જણાવશે અથવા મહાનગરપાલિકા તરફથી સોસાયટીની માંગણીને માન્યતા આપશે જે અંગે સોસાયટીને SMS થી જાણ થશે કે હવે જરૂરી કાગળો ડાઉનલોડ કરી, સુચના મુજબ પ્રિન્ટ કરી, કાગળો પર સહી સિક્કા કરી સુરત મહાનગરપાલિકાના સીટી સીવીક સેન્ટર ખાતે ફાઈલ રજુ કરવી.

–ઉપર મુજબ SMS મળ્યેથી ફરી લોગીન થઈ નીચે ચિત્રમાં (૩) થી દર્શાવ્યા મુજબના પત્રકો ડાઉનલોડ કરી શકાશે.



(૫)

સુવિધા સંદર્ભે અરજી, કરારનામું, બાંહેધરી પત્રક, ચેકલીસ્ટ, વિ. નું ઓનલાઈન ડાઉનલોડ



# સોસાયટી અને મહાનગરપાલિકાએ ઓનલાઈન પ્રોગ્રામ હેઠળ કરવાની કામગીરીની ટુંકી વિગત

- સોસાયટીએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું. - ટુંકી વિગતો ભરવી અને ૫૦૦/- ઓનલાઈન ભરવા.
- હવે મહાનગરપાલિકા દ્વારા સોસાયટી અંગેની ખરાઈ થશે – જેમાં સ્થળ મુલાકાત તથા લીધેલ મુલાકાત અંગેનો SMS તથા ખરાઈ થયેથી સોસાયટીને Username & Password SMS થી મળશે
- સોસાયટી દ્વારા સભ્યો અને અન્ય પ્રાથમિક માહિતીની ઓનલાઈન એન્ટ્રી કરશે સાથો સાથ ડ્રેનેજ, પાણી, સ્ટ્રીટ લાઈટ, રસ્તા જેવી સુવિધા માટે ઓનલાઈન અરજી કરશે.
- મહાનગરપાલિકા દ્વારા આ સ્ટેજે સોસાયટીની સુવિધા માટે Approved / Reject કરવાનું રહેશે જે અંગેનો SMS સોસાયટીને મળશે.
- સોસાયટીએ સુવિધા સંદર્ભે અરજી, કરારનામું, બાંહેધરી પત્રક, ચેકલીસ્ટ, વિ. નું ઓનલાઈન ડાઉનલોડ કરવું, સુચના મુજબ પ્રીન્ટ કરવું, ફાઈલ બનાવવી
- સોસાયટીએ સીટી સિવિક સેન્ટર ખાતે જરૂરી ચેક લીસ્ટ મુજબના દસ્તાવાજો સાથેની ફાઈલ રજુ કરવી. રુ.૪૫૦૦ અથવા રુ.૫૦૦૦ ભરપાઇ કરવા.
- મહાનગરપાલિકાના સીટી સિવિક સેન્ટર ખાતે ૪૫૦૦ અથવા ૫૦૦૦ નું ભરણું ભરી તેની નોંધ ફાઈલમાં કરી ફાઈલ સ્વીકરવી. જેને કાર્યાપાલક ઈજનેરશ્રી ને રજુ કરવી.
- મહાનગરપાલિકા તરફે મંજુરીની કાર્યવાહી તથા સ્થળ પર કામગીરી.